લો-ઈન્કમ ગૃપના દર્દીઓને કીડની, કેન્સર અને કાર્ડીયોલોજી ખાતે રાહતદરે સારવાર આપવા બાબત. (રૂ.૯.૦૦ કરોડ)

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ઠરાવ ક્રમાંક:-બજટ-૧૦૨૦૧૧-ન.બા.૨-સ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૬/૨૦૧૨

વંચાણે લીધા:-

- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી ગાંધીનગરના તા.૩૧/૦૩/૨૦૧૨ના પત્ર ક્રમાંક:ડીએમઈઆર-વહીવટી મંજુરી-૨૦૧૨-૧૩-એ-૨-૧૨
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૩/૦૫/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:બજટ-૧૦૨૦૧૨-ન.બા.૨/સ

ઠરાવ:-

કિડની, કેન્સર અને કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટ ખાતે લો-ઈન્કમ ગૃપના દર્દીઓને રાહતદરે સારવાર આપવાની યોજના હેઠળ રૂ.૯.૦૦ કરોડની. વહીવટી મંજુરી વિભાગના તા.૩/૦૫/૨૦૧૨ના સરખા ક્રમાંકના ઠરાવથી આપવામાં આવેલ છે. સદરહું ઠરાવની શરત નંબર ૫ અન્વયે કિડની, કેન્સર અને કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટ ધ્વારા લો-ઈન્કમ ગૃપના દર્દીઓને રાહતદરે સારવાર આપવા માટે નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧) કિડની, કેન્સર અને કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટ મારફતે જ સારવાર લેનારને સંસ્થાના વડા ટેરીફમાં ૫૦% રાહત આપી શકશે. રાજ્ય સરકાર આ રીતે આપેલ સારવારના ખર્ચ જેટલું સહાયક અનુદાન પુરું પાડશે.

(૨) આ પ્રકારની રાહત મેળવનારની વાર્ષિક આવક રૂ.૨.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ. આવકનું પ્રમાણપત્ર રેવન્યુ વિભાગના નાયબ મામલતદાર કક્ષાના અધિકારીનું મેળવવાનું રહેશે.

(3) ઈન્કમટેક્ષ ભરનાર કોઈ પણ વ્યક્તિને આ પ્રકારની રાહત મળી શકશે નહીં.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.આર.સિધપુરા)
સેકશન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ